**સહકારી બેન્કોના NPA થયેલ ધિરાણ ઉપર રીઝર્વ બેન્કની ગાઈડલાઈન્સ મુજબ આકારેલ વ્યાજ ઉપર ઈન્કમટેક્ષ ખાતાએ ઈન્કમટેક્ષ એકટની કલમ-૪૩ડી મુજબ કરેલ આકારણી સંદર્ભે ઈન્કમટેક્ષ કમીશ્નરને રજુઆત કરવા તથા નામદાર હાઈકોર્ટમાં રીટ દાખલ કરવા ફેડરેશન. લીધેલ નિર્ણય.**

RBI દ્વારા ૧-૪-૧૯૯૧ થી NPA નોર્મ્સ SBI, Nationalized Banks, Privet Sector Banks વિગેરે માટે લાગુ કરવામાં આવ્યા જેના પરિણામે NPA ધિરાણ ઉપર થતુ વ્યાજ નફા-નુકશાન ખાતે નહીં લેતા તેને કોન્ટ્રા આઈટમ તરીકે બેલેન્સશીટમાં દર્શાવવું તેવું RBI દ્વારા જણાવવામાં આવ્યું. હવે જયારે વ્યાજ નફા-નુકશાન ખાતામાં લેવામાં નથી આવતું માટે તેની ઉપર Income Tax પણ ન હોવો જોઈએ. એ મુદ્દાને ધ્યાનમાં રાખી Income Tax Act માં Section-૪૩D ઉમેરવામાં આવી જને કારણે ઉપર જણાવેલ બેન્કોની NPA Interest ઉપર Income Tax લેવામાં આવતો નથી. હવે જયારે આ Income Tax ની કલમ ૪૩D ઉમેરવામાં આવી તે વખતે Co-operative Sector Income Taxના Purview માં હતુ નહીં જેથી તે વખતે ૪૩D માં UCB નો સમાવેશ કરવામાં આવ્યો નહીં. હવે જયારે તા.૧-૪-૨૦૦૬ થી UCBs Income Taxના Purview માં લેવામાં આવી ત્યારે, UCBs ને પણ અન્ય Banks તેમજ Financial Institution ની માફક કલમ ૪૩D લાભ મળવો જોઈએ.

હાલમાં ૪૩D હેઠળ UCBs ને લેવામાં આવતી નથી જેને કારણે મોટાભાગની દરેક UCBs ને વધારાના Income Tax જે NPA ધિરાણ ઉપર Interest Income ગણીને લગાવવામાં આવ્યો છે. જેની નોટીસ આપવામાં આવી રહી છે. આ બાબતે અસરગ્રસ્ત બેન્કો તથા ૫ જિલ્લા ફેડરેશનો સાથે તા.૪-૪-૨૦૧૪ના રોજ ચર્ચા કરી ના.ગુજરાત હાઈકોર્ટમાં આ પ્રકારના એસેસમેન્ટને પડકારવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.